પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

## ♣♣♣♣ હથીયારબંધી જાહેરનામું ♣♣♣♣

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

**ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ – ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ**

ક્રમાંકઃ એસબી/જાહેરનામું/ ૬૬૭૦ /૨૦૨૧
તા. ૨૧ /૧૦/૨૦૨૧

રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરીસ્થિતીમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા ધાર્મિક તહેવાર તેમજ રેલીઓ/ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ હાલની આંતકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઇપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઇને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઇ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજયોમાંથી ઓલ ઇન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. લાયસન્સવાળા હથિયારો કરેલ ગુનાઓમાં કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઇને ફરે નહીં તે પ્રવૃતિ અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે, હું મનોજ અગ્રવાલ, આઇ.પી.એસ. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ રાજકોટ શહેર માં ફરજ બજાવતા સંયુકત પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.હેડ કોન્સ.શ્રીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ આઇ.પી.સી કલમ – ૧૮૮ તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે. નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

### ♣♣♣♣પ્રતિબંધિત કૃત્યો♣♣♣♣

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરીક હિંસા પંહોચાડવામાં, ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(૨) પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઇ જવા ઉપર.

(૩) સ્ફોટક પદાર્થ લઇ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મસાલ રાખવા ઉપર.

(૬) વ્યકિતના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર.

(૭) પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઇ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા, તથા વાદ્ય વગાડવા ઉપર.

(૯) જીગઝેક પ્રકારના ચાઇનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેંચાણ કરવા ઉપર.

### ♣♣♣♣અમલવારીના સમય♣♣♣♣

આ હુકમનો અમલ તા.૦૧/૧૧/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ થી તા.૩૧/૧૨/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધી

### ♣♣♣♣વિસ્તાર♣♣♣♣

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

### ♣♣♣♣અપવાદ ♣♣♣♣

આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી / અર્ધસરકારી નોકરીની કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવી કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યુ હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખઃ-૨૧ /૧૦/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

(મનોજ અગ્રવાલ)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,રાજકોટ

નકલ સવિનય રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.

નકલ રવાનાઃ

(૧) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૨) કલેકટરશ્રી, રાજકોટ શહેર
(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૪) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૫) સયુંકત પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨ રાજકોટ શહેર.
(૭) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ઉત્તર/દક્ષિણ/પુર્વ/પશ્ચિમ/ક્રાઇમ બ્રાંચ/એસ.સી.એસ.ટી.સેલ/પો.હે.કવા, રાજકોટ શહેર.
(૮) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૧૦) નિયામકશ્રી, માહીતી ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, બ્લોક નં.૭, બીજા માળે, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૨) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૩) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(પાંચ નકલમાં.. નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૪) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૫) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (વર્તમાન પત્રોને આપવા સારૂ)
(૧૬) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૧૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૧૯) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)